મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080

સંક્ષિપ્ત સમાચાર

લાભ પાંચમે હાલોલ તાલુકાના તાજપુરા ધામમાં વિરાટ નારાયણ વનમાં પાંચ વૃક્ષારોપણ-પ્રકૃતિસેવામાં સાચો લાભ



હાલોલ : વિશ્વવંદનીય શ્રી નારાયણ બાપુના આશીર્વાદથી લાભ પાંચમના પવિત્ર અને મંગલમય અવસરે શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટ સંચાલિત વિરાટ નારાયણ વનમાં 'વોકમેન ઓફ ઇન્ડિયા' ડો. રાજુ એમ. ઠક્કર અને તેમની ટીમ દ્વારા પાંચ વૃક્ષોનું ભાવપૂર્વક વાવેતર કરવામાં આવ્યું. તહેવારની ઉજવણીને પ્રકૃતિસેવા સાથે જોડીને સૌએ પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ કર્યો અને વૃક્ષારોપણ દ્વારા સાચો લાભ કમાયો. પૌરાણિક માન્યતા અનુસાર ભગવાન શ્રી ગણેશ અને માતા રિદ્ધિ-સિદ્ધિના પુત્રો શુભ અને લાભ છે. લાભ પાંચમના પવિત્ર દિવસે ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની આરાધના કરીને જીવનમાં મંગળ, સુખ, સમૃદ્ધિ અને પ્રગતિની કામના કરવામાં આવે છે,

ફતેપુરામાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સ્વચ્છતા કરી પુષ્પાંજલિ અપાઇ



સુખસર : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા. ૧૨થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતીય સમાજના યોગદાનને જન-જન સુધી પહોંચાડવાનો તેમજ જનજાતીય મહાપુરુષોના શૌર્ય, સંઘર્ષ અને બલિદાનની ગાથાથી નવી પેઢીને પરિચિત કરાવવાનો છે. આ ઉજવણીના ભાગરૂપે ફતેપુરા વિધાનસભા ક્ષેત્રનો પ્રતિમા સ્વચ્છતા, પુષ્પાંજલિ અને સાધુ-સંતોના સન્માનનો કાર્યક્રમ ખાતરપુરના મુવાડા ચોકડી, જવેશી-સુખસર રોડ ખાતે જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન શ્રીમતી નંદાબેન રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

બોડેલીમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે યુવા સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો



બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે સેવાસદનની બાજુમાં આવેલા ગ્રાઉન્ડમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને સિદ્ધિ દ્વારા સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનું રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી દર્શનાબેન વાઘેલાએ ભગવાન બિરસા મુંડાને યાદ કરતાં જણાવ્યું હતું કે બિરસા મુંડાએ આદિવાસી સમાજના હક અને દેશની આઝાદી માટે અંગ્રેજો સામે લડત આપી હતી અને ખૂબ જ નાની ઉંમરે દેશ તથા સમાજ માટે શહીદી વહોરી હતી. તેમણે આદિવાસી સમાજના બાળકો અને યુવાનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શિક્ષણ સહિતના દરેક ક્ષેત્રમાં આગળ વધવા અપીલ કરી હતી.

સંખેડા તાલુકાના સોનગીર-ઇન્દ્રાલ ગામે રણછોડજી મંદિરે અન્નકૂટના દર્શન યોજાયાં



સંખેડા : સંખેડા તાલુકાના સોનગીર-ઇન્દ્રાલ ગામે પ્રસિદ્ધ એવું રણછોડરાયજીનું મંદિર આવેલું છે. આ વિસ્તારમાં આ મંદિર છોટે ડાકોર તરીકે ઓળખાય છે. આખા વર્ષ દરમિયાન આવતી વિવિધ પૂનમના દિવસે તો ભક્તો અહીંયા દર્શન કરવા માટે આવતા જ હોય છે. પરંતુ બેસતા વર્ષના દિવસે અત્રે યોજાયેલા અન્નકૂટના દર્શનનો લાભ લેવા માટે તો માત્ર સોનગીર-ઇન્દ્રાલ ગામના જ નહીં, પરંતુ સંખેડા તાલુકા અને વડોદરા શહેરમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા.

શિનોર સોની મહાજનમંડળ દ્વારા મહાલક્ષ્મી માતાના મંદિરે ભવ્ય અન્નકૂટનું આયોજન



શિનોર : વડોદરા જિલ્લાના શિનોર ખાતે સોની મહાજન મંડળદ્વારા સોની બજાર સ્થિત શ્રી મહાલક્ષ્મી માતાના મંદિરે12.11.26 તારીખે બપોરે 12 કલાકે ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીને વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ અને વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટના દિવ્ય દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં સોની સમાજ માંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કપાસના ભાવ અંગે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી ખેડૂતોની માંગ

બોડેલી APMCમાં કપાસની ખરીદીમાં, ૮,૮૦૦ સુધીનો ભાવ મળતાં ખેડૂતોમાં ભારે અસંતોષ

પાક તૈયાર કરવા સુધી ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, મજૂરી તેમજ અન્ય ખેતી ખર્ચમાં વધારો થયો છે : ખેડૂતો



(પ્રતિનિધી) બોડેલી, તા.14

લાભ પાંચમના પવિત્ર દિવસથી બોડેલી APMC ખાતે કપાસની ખરીદીમાં ખેડૂતોને કપાસનો ભાવ અંદાજે 8,800 પ્રતિ ક્વિન્ટલ મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, શરૂઆતમાં મળેલા આ ભાવને લઈને સ્થાનિક કપાસ ઉત્પાદક ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે કપાસના વાવેતરથી લઈને પાક તૈયાર કરવા સુધી ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, મજૂરી તેમજ અન્ય ખેતી ખર્ચમાં વધારો થયો છે. તેની સામે APMCમાં મળી રહેલો કપાસનો ભાવ પૂરતો ન હોવાથી ખેતી પાછળ કરવામાં આવેલા ખર્ચનું વળતર મેળવવું પણ મુશ્કેલ બની રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે એક તરફ સરકાર ખેડૂતોના હિતોની વાત કરે છે, પરંતુ જ્યારે ખેડૂતો પોતાની મહેનત અને પરસેવાથી તૈયાર કરેલો કપાસ વેચવા આવે છે ત્યારે પૂરતા ભાવ ન મળતા નારજગી જોવા મળે છે જેના કારણે ખેડૂતોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

હાલ ટુક સમય અગાઉજ કપાસની ખરીદીનો પ્રારંભ થયો છે ત્યારે ખેડૂતોને તેમના પાકના ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને યોગ્ય અને પોષણક્ષમ ભાવ મળે તે જરૂરી બન્યું છે.

જેથી સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં લઈ કપાસના ભાવ અંગે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ ઉઠાવવામાં આવી રહી છે.

ધનતેરસથી દિવાળી સુધી ઠીકરું વગાડવાની પ્રથા

ગામના ઝાંપા સુધી કઢાય છે કકળાટ..રોગ ભગાડવાની વિધિ

(પ્રતિનિધી) દાહોદ, તા.૧૪

આદિવાસી સંસ્કૃતિલોક પરંપરા અને રીતરિવાજોની આગવી ઓળખ ધરાવતા દાહોદ જિલ્લામાં આજે પણ અનેક પ્રાચીન પરંપરાઓ પેઢી દર પેઢી જીવંત રહી છે. આવી જ એક અનોખી અને રસપ્રદ પરંપરા આદિવાસી પટેલીયા સમાજમાં દિવાળીના પર્વ દરમિયાન જોવા મળે છે. જેમાં દિવાળીના ત્રણ દિવસ દરમિયાન ગામ અને ફળિયામાંથી રોગને બહાર કાઢવાની પ્રતીકાત્મક વિધિ કરવામાં આવે છે. આ પરંપરા મુજબ ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળીની રાત્રે ગામના દરેક ઘરમાંથી એક વ્યક્તિ ઘરમાંથી એક ઠીકરું લઈને બહાર નીકળે છે. આ ઠીકરામાં કોલસા ભાત, રોટલો સહિતની વિવિધ વસ્તુઓ મૂકવામાં ત્યારબાદ ટીટીયાથી ઠીકરાને ઠોકતાં ઠોકતાં ઘરની બહાર લાવવામાં આવે છે. ફળિયા કે શેરીમાં રહેતા તમામ પરિવારોમાંથી એક-એક વ્યક્તિ આ રીતે ઠીકરું લઈને શેરીના ઝંપા સુધી પહોંચે છે. આ વિધિ દરમિયાન ત્રણેય દિવસ અલગ અલગ રોગોને ગામમાંથી દૂર કરવાની લોકમાન્યતા સાથે વિશેષ પ્રકારની કરિયાટી કરવામાં આવે છે. ધનતેરસની રાત્રે ઠીકરું કાઢતી વખતે, "રોગ ધોધ જાજે ભરે માળવે અને દિવાળીની રાત્રે ગંઠા ગૂમડાં જાજે ભરે માળવે અબૂબૂબૂબૂ...કાળી ચૌદશની રાત્રે તાવ તહર્યો જાજે ભરે માળવે અબૂબૂબૂબૂ...એવી બૂમો પાડવામાં આવે છે.

જનજાતીય ગૌરવ સપ્તાહની ગૌરવભેર ઉજવણી

બિરસા મુંડાની પ્રતિમાની સ્વચ્છતા, પુષ્પાંજલિ અને સાધુ-સંતોનું સન્માન



(પ્રતિનિધિ) સુખસર,તા.૧૪

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા. ૧૨થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતીય સમાજના યોગદાનને જન-જન સુધી પહોંચાડવાનો તેમજ જનજાતીય મહાપુરુષોના શૌર્ય, સંઘર્ષ અને બલિદાનની ગાથાથી નવી પેઢીને પરિચિત કરાવવાનો છે.

આ ઉજવણીના ભાગરૂપે ફતેપુરા વિધાનસભા ક્ષેત્રનો પ્રતિમા સ્વચ્છતા, પુષ્પાંજલિ અને સાધુ-સંતોના સન્માનનો કાર્યક્રમ ખાતરપુરના મુવાડા ચોકડી, જવેશી-સુખસર રોડ ખાતે જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન શ્રીમતી નંદાબેન રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પદાધિકારીઓ અને આગેવાનોએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની આસપાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી ભાવપૂર્વક પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સ્થાપના અને જાળવણીમાં યોગદાન આપનાર ટીમનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ઉપસ્થિત સાધુ-સંતોનું પણ સન્માન કરી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી દ્વારા ભગવાન બિરસા મુંડા સહિતના જનજાતીય મહાપુરુષોના જીવન, સંઘર્ષ અને રાષ્ટ્રપ્રત્યેના યોગદાનને યાદ કરી નવી પેઢીમાં ગૌરવ, જાગૃતિ અને પ્રેરણાની ભાવના પ્રસરાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

દેવગઢ બારિયામાં ભાજપને મોટો ઝટકો!

પુત્ર ભાજપમાં પાર્ટી પ્રમુખ અને પિતાએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો!

અનોખા રાજકીય ઘટનાક્રમે દેવગઢ બારિયાના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દેવગઢ બારિયા સ્થાનિક રાજકારણ માં આજે એક મહત્વપૂર્ણ રાજકીય ઘટના ક્રમ સામે આવ્યો છે. દેવગઢ બારિયા ભાજપના હાલના પાર્ટી પ્રમુખ હરેશભાઈ કરણસિંહના પિતા અને કરણ મામાના હુલામણા નામથી જાણીતા ભાજપના પાયાના નેતા શ્રી કરણસિંહે આજે કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈને હાથનો ખેસ ધારણ કર્યો હતો.

કોંગ્રેસ જિલ્લા પ્રમુખ શ્રી હર્ષદભાઈ નિનામાની ઉપસ્થિતિમાં 134 દેવગઢ બારિયા વિધાનસભાના પ્રભારી એડવોકેટ સુરેશ પટેલ તથા દેવગઢ બારિયા કોંગ્રેસ પ્રમુખ ઈશ્વરભાઈ વખતાની હાજરીમાં કરણ મામાએ કોંગ્રેસમાં વિધિવત પ્રવેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે કરણ મામા દેવગઢ બારિયામાં ભાજપનું સંગઠન ઊભું કરવામાં પાયાની ભૂમિએ ભજવનાર નેતા છે. તેઓ પૂર્વ તાલુકા પ્રમુખ તરીકે પણ જવાબદારી નિભાવી ચૂકયા છે અને છેલ્લા 30 વર્ષથી ખજૂરી ગામના સરપંચ તરીકે સતત લોકસેવાની જવાબદારી સંભાળી રહ્યા છે. વર્ષો સુધી ભાજપ માટે કાર્ય કરનાર કરણ મામાએ પક્ષમાં માન સન્માન ન જળવાતું હોવાની લાગણી અને સતત અવગણનાના કારણે કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે. આ રાજકીય ઘટનાની ખાસ ચર્ચા એ છે કે કરણ મામાના પુત્ર હરેશભાઈ કરણસિંહ હાલમાં દેવગઢ બારિયા ભાજપના પાર્ટી પ્રમુખ તરીકે કાર્યરત છે, જ્યારે તેમના પિતા કરણ મામાએ કોંગ્રેસનો હાથ પકડયો છે. પિતા કોંગ્રેસમાં અને પુત્ર ભાજપના સંગઠનના પ્રમુખપદે હોવાના આ અનોખા રાજકીય ઘટનાક્રમે દેવગઢ બારિયાના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. દેવગઢ બારિયાના રાજકારણમાં આ પક્ષપલટો આગામી દિવસોમાં કઈ નવી રાજકીય ચર્ચાઓને જન્મ આપે છે તે જોવું રહ્યું.

ડભોઈમાં ડ્રેનેજના દુર્ગંધયુક્ત ગંદા પાણી માર્ગ પર ઠાલવતો કોન્ટ્રાકટર



(પ્રતિનિધી) ડભોઇ, તા.૧૪

ડભોઈ નગર પાલિકાના ડ્રેનેજની સફાઈ કરાવનાર કોન્ટ્રાકટર ધ્વારા ડ્રેનેજ ના દુર્ગંધયુક્ત મળ મૂત્ર ભરેલા ટેન્કર ને જાહેર માર્ગ પર જ ઠાલવી પારાવાર ગંદકી કરતા આશ્ચર્ય સાથે રોષ વ્યાપી જવા પામ્યો છે. ઐતિહાસિક ડભોઈ નગર ની માવજત, જાળવણી, સ્વચ્છતા અને નગર ની ગરિમા જાળવવામાં માં નગર પાલિકા નો વહીવટ સદંતર નિષ્ફળ રહ્યો છે.ભાજપ હોય કે કોંગ્રેસ વહીવટ ની જ આવડત નો અભાવ હોય નગર ગંદકી થી જ ખદબદ રહ્યું છે.થોડા સમય અગાઉ ડભોઈ બાયપાસ માર્ગ પર રાજ્યના મુખ્યમંત્રી એ પોતાનો કાફલો રોકાવી ગંદકી ની નોંધ લીધી હતી.ત્યારે હાલ માં ડ્રેનેજ ના કોન્ટ્રાકટર ધ્વારા નગર ની ઉભરાતી ગટરો માંથી વેક્યુમ ટેન્કર ધ્વારા ખેંચેલા દુર્ગંધયુક્ત પાણી ભરેલ ટેન્કર નો ડ્રેનેજ કૂવામાં ઠાલવી નિકાલ કરવાને બદલે જકાતનાકા થી તરસાના ફાટક વચ્ચે આવેલા ડ્રેનેજ કૂવા પાસે જાહેર માર્ગ પર જ ઠાલવી દેવાય છે.જેના કારણે માર્ગ ની બાજુમાં દુર્ગંધયુક્ત પાણી ના ખાબોચિયા ભરાવા સાથે વિસ્તાર માં મથફાટ દુર્ગંધ અને પારાવાર ગંદકી વ્યાપી જવા પામી છે.

જબુગામમાં ડેન્ગ્યુના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક થયું

આરોગ્ય વિભાગ દ્વારા ફોગિંગ કરી, ઘરે-ઘરે જઈ પાણી ભરાવાની જગ્યાઓની તપાસ કરી




(પ્રતિનિધિ) બોડેલી,તા.૧૪

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે ફરી એકવાર ડેન્ગ્યુના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. ડેન્ગ્યુના વધુ કેસ ન ફેલાય અને મચ્છરોના ઉપદ્રવને નિયંત્રિત કરી શકાય તે માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા તાત્કાલિક અસરથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જબુગામ વિસ્તારમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ખાસ કરીને કસ્બા વિસ્તાર માં ફોગિંગ (ધુમાડો) કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓએ ઘરે-ઘરે જઈ તપાસ હાથ ધરી હતી. જેમાં ઘરની આસપાસ, અગાશી, ખુલ્લી જગ્યાઓ, પાણીની ટાંકીઓ, કુંડાં, ટાયર તથા અન્ય સ્થળોએ પાણી ભરાઈ રહે છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી હતી. મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો શોધી જરૂરી તકેદારી રાખવા માટે લોકોને સમજાવવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ગ્રામજનોને ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા, ક્યાંય પણ લાંબા સમય સુધી પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવા, પાણીના વાસણો ઢાંકીને રાખવા તથા સમયાંતરે પાણી ખાલી કરી સાફ કરવા જેવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

વડજ ગામે મંદિરના કોરીડોરને લઈ બે જુથો વચ્ચે ધીંગાણું

ડભોઇ : ડભોઈ તાલુકાના વડજ ગામે આવેલ ગામ ની ઐતિહાસિક વાવ ની આજુબાજુ કોરીડોર ગ્રામ જનો ભંડોળ ભેગુ કરી કોરીડોર બનાવી રહ્યા છે જ્યાં નવા વર્ષ નિમિત્તે અન્નકૂટનુ આયોજન થયેલ જ્યાં સાંજ ના સમયે આરતી ના સમયે શંકર ભાઈ રબારી મંદિર ના કોરીડોર પર હાથ પગ ધોતા હોય પાણી ની ગંદકી ના કરવા જણાવતા વાત નુ વતેસર થયું અને બંને પક્ષો સામસામે આવી ગયા અને છુટા હાથની મારામારી થતા જેની જાણ વાયુ વેગે તાલુકા મા પ્રસરતા લોકો બનાવની પૃચ્છા કરી રહ્યા હતા ડભોઈ પોલીસે ઘટનાસ્થળે જઈ મોરચો સંભાળી લીધો બંને પક્ષો એ સામ સામે ફરિયાદ નોંધાવી છે.

જેતપુરપાવી પોલીસની કાર્યવાહી: ૬ વર્ષથી નાસતા ફરતો આરોપી ઝડપાયો



જેતપુરપાવી : છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી તેમજ શરીર સંબંધિત ગુનાઓ સહિત કુલ 7 ગુનાઓમાં સંડોવાયેલા અને છેલ્લા 6 વર્ષથી નાસતા ફરતા આરોપીને જેતપુરપાવી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ જેતપુરપાવી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી.એસ.એમ.મછાર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૫૮૬/૨૦૨૬ મુદત તારીખ - ૧૧/૧૨/૨૦૨૬

અરજદારઃ ગરાસીયા નિકેશભાઈ ચતુરભાઈ રહેવાસીઃ પેથાપુર, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રી, પેથાપુર રહેવાસીઃ ગ્રામ પંચાયત કચેરી, પેથાપુર, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે, આ કામના અરજદારના પુત્રી જ્યોતિકાબેન નિકેશભાઈ ગરાસીયાનો જન્મ તા.૧૦/૦૨/૨૦૦૯ ના રોજ મોજે પેથાપુર, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓની પુત્રીના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રીનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૫૮૬/૨૦૨૬ દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૧/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૫ નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (ડો.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ

જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી.એસ.એમ.મછાર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૭૦૦/૨૦૨૬ મુદત તારીખ-૦૬/૧૧/૨૦૨૬

અરજદારઃ શાન્તિલાલ ચુનીલાલ મછાર રહે. જેતપુર તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રી, જેતપુર રહેવાસી ગ્રામ પંચાયત જેતપુર

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર શાન્તિલાલ ચુનીલાલ મછાર નો જન્મ તા. ૦૯/૦૪/૧૯૬૯ ના રોજ અમારા ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા હોવાના કારણે અમારી જન્મ નોંધણી ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં અમોના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, અમો અરજદારના જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૭૦૦/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અમો અરજદારને આપવા સામેતીમે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૩જી નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત) સીની. ક્લાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી. એ.જી. તડવી

મે. કવાંટના પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.કવાંટ જી. છોટાઉદેપુર

પ. અ. નંબર. ૧૯૩/૨૦૨૬ મુ.તા.૦૫/૧૨/૨૦૨૬

અરજદાર : રાઠવા ઝલુભાઈ નવસીંગભાઈ, મું. રહે. ગામ મોટીટીકોડ, ઠે. સલાફળીયા તા. કવાંટ, જી. છોટાઉદેપુર

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી ડુંગરગામ જુથ ગ્રામ પંચાયત, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

જન્મ/મરણ ની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીશથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના પુત્ર નામે રાઠવા ગુલાબભાઈ ઝલુભાઈ નો જન્મ તારીખ ૦૧/૦૫/૨૦૦૪ ના રોજ થયેલ છે જેઓનો જન્મ મોજે મોટીટીકોડ તા. કવાંટ, જી., છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર ડુંગરગામ ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. ૦૫/૧૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (જી.કે.જોષી) સીની.ક્લાર્ક — મુકાબલ કરનાર હુકમથી, (એચ.સી.રાઠવા) સીવીલ કોર્ટ, કવાંટ.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી. આર.એમ. રાઠવા

મે. કવાંટના પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.કવાંટ જી. છોટાઉદેપુર

પ. અ. નંબર. ૧૯૦/૨૦૨૬ મુ.તા.૦૫/૧૨/૨૦૨૬

અરજદાર : રાઠવા કમલેશભાઈ બાબુભાઈ, મુળ રહે. મુ. પટેલ ફળીયા મુ. ચીચબા પો. નવાલજા તા. કવાંટ, જી. છોટાઉદેપુર

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી જામલી(વ) ગ્રામ પંચાયત, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

જન્મ/મરણ ની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીશથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના પુત્રી નામે રાઠવા શિલાબેન કમલેશભાઈ નો જન્મ તારીખ ૧૯/૦૨/૨૦૨૨ ના રોજ થયેલ છે જેઓનો જન્મ મોજે ચીચબા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર જામલી(વ) ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. ૦૫/૧૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (જી.કે.જોષી) સીની.ક્લાર્ક — મુકાબલ કરનાર હુકમથી, (એચ.સી.રાઠવા) સીવીલ કોર્ટ, કવાંટ.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી. એ.જી. તડવી

મે. કવાંટના પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.કવાંટ જી. છોટાઉદેપુર

પ. અ. નંબર. ૧૯૨/૨૦૨૬ મુ.તા.૦૫/૧૨/૨૦૨૬

અરજદાર : રાઠવા કોકીલાબેન વિઠ્ઠલભાઈ તે વરજુભાઈ ના પત્ની, મુ. રહે. ગામ ઉંચેડા ઠે. હોળી ફળીયા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી લાલપુર જુથ ગ્રામ પંચાયત, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.

જન્મ/મરણ ની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર નોટીશથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના પુત્રી નામે રાઠવા રાધાબેન વરજુભાઈ નો જન્મ તારીખ ૨૮/૦૨/૨૦૦૨ ના રોજ થયેલ છે જેઓનો જન્મ મોજે ચીચબા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર ઉંચેડા ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. ૦૫/૧૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (જી.કે.જોષી) સીની.ક્લાર્ક — મુકાબલ કરનાર હુકમથી, (એચ.સી.રાઠવા) સીવીલ કોર્ટ, કવાંટ.